190257 Aviva Dhan Samruddhi KF size: 14.21x8.25"

SSV = (પેઈડ અપ સમ એશ્યૉર્ડ વત્તા જમા થયેલ ગૅરંટેડ એડિશન્સ)* એસએસવી ફેક્ટર) ઓછા (પહેલા જ ચૂકવી દીધેલા સર્વાઈવલ બેનિફિટ્સ, જો કોઈ હોય તો)

સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ ફેક્ટર્સ (SSV) કંપની દ્વારા નિયામક આવશ્યકતાઓ અનુસાર IRDAIની મંજૂરી મેળવ્યા પછી વખતો વખત સુધારવામાં આવી શકે છે.

**કર લાભોઃ**
કર લાભો પ્રવર્તમાન કર કાયદાઓ અનુસાર રહેશે. કર કાયદાઓ ફેરફારને આધીન રહે છે.થ

**નોમિનેશન અને અસાઈનમેંટઃ**
નોમિનેશન, ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938ની કલમ 39 હેઠળ આલેખિત કર્યા મુજબ અને વખતો વખત સુધારો કરાયા અનુસાર આ પૉલિસી હેઠળ માન્ય છે.

અસાઈનમેંટ, ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 38 હેઠળ આલેખિત કર્યા મુજબ અને વખતો વખત સુધારો કરાયા અનુસાર આ પૉલિસી હેઠળ માન્ય છે.

**ફ્રીલૂક પીરિયડઃ**

તમે પૉલિસી ડૉક્યુમેંટ પ્રાપ્ત થયાની તારીખથી 15 દિવસ (જો પૉલિસી ડિસ્ટન્સ માર્કેટિંગ મારફત મેળવી હોય તો 30 દિવસ)ની અંદર પૉલિસી નિયમો અને શરતોની સમીક્ષા કરવાનો અધિકાર ધરાવો છો. જો તમે આ નિયમો અને શરતો માંથી કોઈની પણ સાથે સહમત ન થતા હો તો તમારા વાંધાનું કારણ જણાવીને તમે પૉલિસી રદ કરવાનો વિકલ્પ ધરાવો છો, આ પછી તમે ચૂકવેલું પ્રીમિયમ તેમાંથી મૅડિકલ્સ માટે થયેલ ખર્ચ, જો કોઈ હોય તો અને સ્ટેમ્પ ડ્યુટી બાદ કર્યા પછી પાછું મેળવવા હકદાર રહેશો.

**આપઘાત ક્લેમઃ**

જો પૉલિસી હેઠળ રિસ્ક શરૂ થયાની તારીખથી અથવા પૉલિસી રિવાઈવ કર્યાની તારીખ, જે પણ લાગુ થાય ત્યારથી 12 મહિનાની અંદર આપઘાત કરવાને લીધે વીમિત વ્યક્તિનું મૃત્યુ થાય તો પૉલિસીધારકના નોમિની અથવા લાભાર્થી મૃત્યુની તારીખ સુધીમાં ચૂકવેલા કુલ પ્રીમિયમોના ઓછામાં ઓછા 80% અથવા મૃત્યુની તારીખના રોજ ઉપલબ્ધ સરન્ડર વેલ્યૂ માંથી જે પણ વધુ હોય તે મેળવવા હકદાર રહેશે, આ માટે પૉલિસી ઈન–ફોર્સ હોવી જરૂરી છે.

**અવિવા ધન સમૃદ્ધિ – પ્રીમિયમ ચૂકવણી વિશે**

- પ્રીમિયમની ગણતરી વાર્ષિકીકૃત પ્રીમિયમને મૉડેલ ફેક્ટર સાથે ગુણાકાર કરીને પ્રીમિયમ ચૂકવણી વારંવારતા આધારે નીચેના કોષ્ટક અનુસાર કરાશેઃ

| પ્રીમિયમ ચૂકવણી વારંવારતા | મૉડેલ ફેક્ટર |
|---|---|
| વાર્ષિક | 1.0000 |
| અર્ધ વાર્ષિક | 0.5108 |
| ત્રૈમાસિક | 0.2591 |
| માસિક | 0.0871 |

પ્રીમિયમ ચૂકવણીના વિવિધ પ્રકારો વચ્ચે ફેરફારો કોઈપણ પૉલિસી વર્ષગાંઠે વિનંતી કરવા પર અને અલ્ટરેશન ચાર્જિસ કે જે ₹100/- વત્તા કરવેરા, જો કોઈ હોય તો તેની ચૂકવણી કરીને માન્ય રહે છે. આ પ્લાન હેઠળ અન્ય કોઈ ફેરફારો માન્ય નથી.

**નમૂના પ્રીમિયમ દરો**

- સૂચિત પ્રીમિયમ દરો (વીમા રકમના પ્રત્યેક ₹1000 દીઠ)

| ઉંમર | પૉલિસી મુદત | | |
|---|---|---|---|
| | 10 | 15 | 20 |
| 35 | 89.75 | 74.75 | 65.85 |
| 45 | 91.16 | 76.87 | 68.91 |

- **ઊચ્ચ વીમા રકમ માટે રીબેટઃ** તમે ચૂકવેલા પ્રીમિયમ પર રીબેટ માટે નીચે જણાવ્યા મુજબ પાત્ર છોઃ

| સમ એશ્યૉર્ડ રેન્જ | રીબેટ (પ્રત્યેક ₹1000 વીમા રકમ) |
|---|---|
| >= 2.65 L & < 5 L | શૂન્ય |
| >= 5 L & < 10 L | 4.0 |
| >= 10 L | 5.0 |

- ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ, સેશ લાગુ થાય તે સહિતના પરંતુ આ પૂરતા સીમિત ન રહેતા કરવેરા સરકાર દ્વારા વખતો વખત સૂચિત કરાય તેમ લેવામાં આવશે. કર કાયદાઓ ફેરફારને આધીન રહે છે.

**સ્વીકૃતિ**

અવિવા રિસ્ક સ્વીકારવામાં આવે અને પ્રીમિયમો પૂરેપૂરાં પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કોઈ ક્લેમ માટે જવાબદાર નહીં રહે.

**અવિવા સાથે રોકાણ શા માટે કરવું જોઈએ?**

અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની લિમિટેડ ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને અવિવા ઈન્ટરનૅશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ – યુકે (UK) સ્થિત ઈન્શ્યૉરન્સ ગ્રુપ કે જેનો ભારત સાથેનો સંબંધ 1834થી છે તેની વચ્ચે થયેલું સંયુક્ત સાહત છે. અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ પસંદ કરીને તમે વિશ્વના સૌથી જૂના ઈન્શ્યૉરન્સ ગ્રુપ માંથી એકના મેનેજમેન્ટ અનુભવનો લાભ મેળવો છો, જેનો ઈતિહાસ 1696ની સાલથી અસ્તિત્વ ધરાવે છે.

1884માં સ્થાપિત, ડાબર ભારતનું સૌથી જૂનું અને સૌથી વિશાળ કંપનીઓનું સમૂહ છે. આ દેશના પરંપરાગત સ્વાસ્થ્ય સંભાળ ઉત્પાદનોની અગ્રણી ઉત્પાદક છે.

**સેક્શન 41**

ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938 (1)ની કલમ 41 અનુસાર કોઈપણ વ્યક્તિએ ભારતમાં જીવન અથવા મિલકત સંબંધિત કોઈપણ પ્રકારના રિસ્ક સંદર્ભે કોઈ વીમો લેવા અથવા રીન્યૂ કરવા અથવા ચાલુ રાખવા પ્રલોભન તરીકે ચૂકવવાપાત્ર કમિશન પૂરેપૂરું અથવા આંશિક દરે અથવા પૉલિસી પર દર્શાવેલ પ્રીમિયમનું કોઈ વળતર કોઈપણ વ્યક્તિને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આપવું ન જોઈએ અથવા આપવા ન દેવું જોઈએ, ન તો પૉલિસી લેનાર અથવા રીન્યૂ કરનાર અથવા ચાલુ રાખનાર કોઈ વ્યક્તિએ આવું કોઈ વળતર સ્વીકારવું જોઈએ, સિવાય કે તે વીમા કંપની (ઈન્શ્યૉરર) ના પ્રકાશિત પ્રોસ્પેક્ટસ અનુસાર માન્ય હોય.

(1) ઈન્શ્યૉરન્સ એજન્ટ દ્વારા તેના પોતાના જીવન પર તેણે પોતે લીધેલ લાઈફ ઈન્શ્યૉરન્સ પૉલિસી સંદર્ભે સ્વીકારેલ કમિશન આ પેટા કલમના અર્થ અન્વયે પ્રીમિયમનું વળતર સ્વીકાર્યા તરીકે નહીં માનવામાં આવે જો અગર આ સ્વીકારતી વખતે ઈન્શ્યૉરન્સ એજન્ટ આલેખિત શરતોનું પાલન કરતા હોય જે સ્થાપિત કરે કે તે ઈન્શ્યૉરર દ્વારા નિયુક્ત કરાયેલ માનનીય ઈન્શ્યૉરન્સ એજન્ટ છે.

(2) આ કલમની જોગવાઈઓના પાલનમાં કસૂરવાર ઠરનાર કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર રહેશે જે દસ લાખ રૂપિયા સુધીનો હોઈ શકે છે.

**સેક્શન 45**

ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938 ની કલમ 45 વખતો વખત સુધારો કરાયા અનુસાર 3 વર્ષ પછી મિસસ્ટેટમેંટના મુદ્દે પૉલિસી સામે પ્રશ્નાર્થ નહીં કરી શકાય

**પ્રશ્નો અને ફરિયાદો**

વધારાની માહિતી, મૂંઝવણો અથવા ફરિયાદો માટે કૃપા કરી નીચે જણાવેલા નંબરો પર અમારો સંપર્ક કરોઃ

1800 103 7766 (ટોલ ફ્રી BSNL/MTNL ઉપભોક્તાઓ માટે) અથવા 0124-2709046 અથવા SMS કરો "Aviva" 5676737 પર.
ફૅક્સ નં.: 0124- 2571210

AVIVA
| Life Insurance |

*ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને*
*અવિવા ઈન્ટરનૅશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ વચ્ચેનું સંયુક્ત સાહસ.*


**અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ**
**હેડ ઑફિસઃ** અવિવા ટાવર, સેક્ટર રોડ, ગોલ્ફ કોર્સની સામે,
DLF ફેઝ-V, સેક્ટર 43, ગુડગાવ-122003, હરિયાણા, ભારત
ફોન નં.: +91 124-2709000, ફૅક્સ નં.: +91 124-2571210
વેબસાઈટઃ www.avivaindia.com
ઈમેઈલઃ customerservices@avivaindia.com
**રજિસ્ટર્ડ ઑફિસઃ** 2જો માળ, પ્રકાશદીપ બિલ્ડિંગ,
7, ટોલ્સટૉય માર્ગ, નવી દિલ્હી-110001, ભારત.
કૉર્પોરેટ આઈડેન્ટિટી નંબર (CIN): U66010DL2000PLC107880


બેનામી ફોન કૉલ્સ અને ખોટી/દગા ભરી ઑફરોથી સાવચેત રહોઃ IRDA ઑફ ઈન્ડિયા જનતાને ખુલાસો કરે છે કેઃ • IRDA ઑફ ઈન્ડિયા અથવા તેના અધિકારીઓ કોઈપણ પ્રકારના ઈન્શ્યૉરન્સ અથવા ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સના વેચાણ જેવી કોઈ પ્રવૃત્તિઓમાં સંકળાયેલ નથી કે ન તો તેઓ પ્રીમિયમોનું રોકાણ કરે છે. • IRDA ઑફ ઈન્ડિયા કોઈ બોનસની ઘોષણા કરતું નથી. આવા ફોન કૉલ્સ મેળવતા નાગરિકોને ફોન કૉલ, નંબરની વિગતો સહિત પોલીસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી કરવામાં આવે છે.

અવિવા ધન સમૃદ્ધિ એ વ્યક્તિગત, નૉન-લિંક્ડ, નૉન-પાર્ટિસિપેટિંગ સેવિંગ્સ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન છે. રાઈડર્સ ફરજિયાત નથી અને સાધારણ વધારાના ખર્ચે ઉપલબ્ધ છે. ઉપર જણાવેલ ટ્રેડ લોગો અવિવા બ્રાન્ડ્સ લિમિટેડની માલિકીનો છે અને અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ દ્વારા લાઈસન્સ હેઠળ ઉપયોગ કરાય છે. અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ. IRDA ઑફ ઈન્ડિયા નં.122. કર લાભો પ્રવર્તમાન કર કાયદાઓ અનુસાર છે જે ફેરફારને આધીન રહે છે. હેલ્પલાઈન નંબરઃ 1800-180-22-66/1800-103-77-66, UIN: 122N097V04, Advt. No.: Dec 52/19

INDIA PARTNER Dabur GROUP

# અવિવા ધન સમૃદ્ધિ



AVIVA
| Life Insurance |



**એક વ્યક્તિગત, નૉન–લિંક્ડ, નૉન–પાર્ટિસિપેટિંગ સેવિંગ્સ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન**

આપણાં ભાવિ રોકાણ લક્ષ્યોને સાકાર કરવા બચત ઊભી કરવા આપણે સતત પ્રયાસ કરીએ છીએ ત્યારે, આપણે એવાં ફાઈનાન્સીસને ભૂલી શકીએ છીએ જે ટૂંકા ગાળા માટે જરૂરી હોઈ શકે. અવિવામાં, અમે લાંબા ગાળાનું ભંડોળ ઊભું કરવાની સાથે તમારી ટૂંકી અવધિની આર્થિક જરૂરિયાતો પૂરી કરવાની લવચિકતા ધરાવવાની આપની ઈચ્છાને સમજીએ છીએ.

પ્રસ્તુત છે અવિવા ધન સમૃદ્ધિ: બચત સહ સંરક્ષણ યોજના, જે તમને ભાવિ રોકાણો માટે કોર્પસ ઊભું કરવા સક્ષમ બનાવવાની સાથે પૉલિસી મુદત દરમિયાન સમયાંતરે પૈસા પણ પાછા આપે છે, જેથી તમારી રોજિંદી આર્થિક જરૂરિયાતો તમે સરળતાથી પૂરી કરી શકો.

## અવિવા ધન સમૃદ્ધિ – અનોખાં આકર્ષણો

- **ગૅરંટેડ રીટર્ન્સ:** તમારી પૉલિસી એક વર્ષના પ્રીમિયમના વાર્ષિક 7% દરે ગૅરંટેડ એડિશન્સ મેળવે છે (પૉલિસી મુદત પૂરી થવા સુધી, તમે પસંદ કરેલી પૉલિસી મુદત આધારે).
- **પ્રવાહિતા:** તમારી પૉલિસી દર 5 વર્ષે સર્વાઈવલ બેનિફિટ તરીકે એક વર્ષના પ્રીમિયમના 125% પાછા ચૂકવે છે (સિવાય કે મેચ્યોરિટી પર).
- **ગૅરંટેડ મેચ્યોરિટી બેનિફિટ:** પાકતી મુદતે, તમે સમ એશ્યૉર્ડ વત્તા ગૅરંટેડ એડિશન્સ ઓછા પહેલા જ ચૂકવી દેવાયેલા લાભો બરાબરની રકમ મેળવો છો.
- **ઊચ્ચ સમ એશ્યૉર્ડ માટે વળતર:** જો તમારી સમ એશ્યૉર્ડ ₹5 લાખ અથવા વધુ હોય તો મૂળભુત પ્રીમિયમ પર રીબેટ આપવામાં આવે છે.

‘‘એક વર્ષનું પ્રીમિયમ’’ એટલે પૉલિસીધારક દ્વારા પસંદ કરાયેલ વર્ષમાં ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો અને અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમ, જો કોઈ હોય તો તે સામેલ નથી.

## અવિવા ધન સમૃદ્ધિ – પાત્રતા

| | |
|---|---|
| **પ્રવેશ સમયે ઉંમર** | ઓછામાં ઓછી: 13 વર્ષ છેલ્લા જન્મ દિવસે<br>વધુમાં વધુ: 55 વર્ષ છેલ્લા જન્મ દિવસે |
| **મેચ્યોરિટી ઉંમર** | 23 થી 70 વર્ષ |
| **પૉલિસી મુદત** | 10, 15 અથવા 20 વર્ષ, મેચ્યોરિટી ઉંમરને આધીન |
| **પ્રીમિયમ ચૂકવણી મુદત** | 10 વર્ષ બધી જ પૉલિસી મુદતો માટે |
| **વીમા રકમ (સમ એશ્યૉર્ડ)** | **ઓછામાં ઓછી** (નીચે કોષ્ટક જુઓ)<br>**જીવન દીઠ વધુમાં વધુ વીમા રકમ:** 5 કરોડ બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિને આધીન |
| **ઓછામાં ઓછું પ્રીમિયમ** | (નીચે કોષ્ટક જુઓ) |
| **વધુમાં વધુ પ્રીમિયમ** | (નીચે કોષ્ટક જુઓ) |
| **પ્રીમિયમ ચૂકવણી વારંવારતા** | વાર્ષિક, અર્ધ વાર્ષિક, ત્રૈમાસિક અને માસિક.<br>માસિક પ્રકાર માટે માત્ર ECS/ડાયરેક્ટ ડેબિટ જ માન્ય છે. |

**વીમા રકમ (સમ એશ્યૉર્ડ) – ઓછામાં ઓછી**

| પૉલિસી મુદત | ઓછામાં ઓછી વીમા રકમ |
|---|---|
| 10 | 400,000 |
| 15 | 265,000 |
| 20 | 265,000 |

**ઓછામાં ઓછું પ્રીમિયમ**

| પૉલિસી મુદત | દરેક પ્રકાર માટે ઓછામાં ઓછું પ્રીમિયમ | | | |
|---|---|---|---|---|
| | વાર્ષિક | અર્ધ વાર્ષિક | ત્રૈમાસિક | માસિક |
| 10 | 35,692 | 18,231 | 9,248 | 3,109 |
| 15 | 19,599 | 10,011 | 5,078 | 1,707 |
| 20 | 17,130 | 8,750 | 4,438 | 1,492 |

**વધુમાં વધુ પ્રીમિયમ**

| પૉલિસી મુદત | દરેક પ્રકાર માટે ઓછામાં ઓછું પ્રીમિયમ | | | |
|---|---|---|---|---|
| | વાર્ષિક | અર્ધ વાર્ષિક | ત્રૈમાસિક | માસિક |
| 10 | 47,52,500 | 24,27,577 | 12,31,373 | 4,13,943 |
| 15 | 41,26,000 | 21,07,561 | 10,69,047 | 3,59,375 |
| 20 | 36,06,000 | 18,41,945 | 9,34,315 | 3,14,083 |

**કૃપા કરી નોંધ લેશો:**

1. ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ, સેશ સહિત પરંતુ આ પૂરતા સીમિત ન રહેતા કરવેરા ભારત સરકાર દ્વારા વખતો વખત સૂચિત કરાય તેમ લેવામાં આવશષ. કર કાયદાઓ ફેરફારને આધીન રહે છે.
2. જો પૉલિસી શરૂ થવા સમયે વીમિત વ્યક્તિ સગીર હોય તો:
   - રિસ્ક તરત જ શરૂ થશે.
   - પ્રીમિયમોની ચૂકવણી પૉલિસીધારકે કરવાની રહેશે જેઓ વીમિત વ્યક્તિના માતા–પિતા અથવા દાદા–દાદી અથવા કાનૂની વાલી હોઈ શકે છે. જો પ્રીમિયમ ચૂકવણી મુદત પૂરી થતા પહેલા પૉલિસીધારકનું મૃત્યુ થાય તો ભાવિ પ્રીમિયમો વીમિત વ્યક્તિના જીવીત રહેનાર માતા–પિતા, કાનૂની વાલી દ્વારા ચૂકવવામાં આવી શકે છે. જો વીમિત વ્યક્તિ સગીર હોય અને જો ભાવિ પ્રીમિયમો ન ચૂકવ્યા હોય તો, લેપ્સ/પેઈડ–અપ જોગવાઈ લાગુ રહેશે.
   - વીમિત વ્યક્તિ સગીર હોય ત્યારે પૉલિસીધારકનું મૃત્યુ થવાના કિસ્સામાં, પૉલિસી વીમિત વ્યક્તિના જીવીત રહેનાર માતા–પિતા/ કાનૂની વાલીના હિતમાં જશે જે માટે કંપનીની આવશ્યકતા અનુસાર જરૂરી અરજીઓ અને આધારરૂપ દસ્તાવેજો રજુ કરવાના રહેશે.
   - વીમિત વ્યક્તિ છેલ્લા જન્મ દિવસ અનુસાર 18 વર્ષની થાય ત્યારે પૉલિસી આપમેળે જ તેના/તેણીના પક્ષમાં થઈ જશે.

## અવિવા ધન સમૃદ્ધિ – લાભો

- ગૅરંટેડ એડિશન્સ: તમે નીચે આપેલા કોષ્ટક અનુસાર પસંદ કરેલી પૉલિસી મુદત માટે ગૅરંટેડ એડિશન્સ મેળવવા પાત્ર રહેશો. પૉલિસી વર્ષ માટે ગૅરંટેડ એડિશન પૉલિસીની મુદત દરમિયાન દરેક પૉલિસી વર્ષના અંતે જમા થશે, જો અગર ગૅરંટેડ એડિશન જમા કરવાના સમયે બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દેવામાં આવ્યાં હોય. જમા થયેલ ગૅરંટેડ એડિશન્સ મેચ્યોરિટી બેનિફિટ પર અથવા તો વીમિત વ્યક્તિનું મૃત્યુ થવા પર ચૂકવવામાં આવશે.

| એક વર્ષના પ્રીમિયમના* % તરીકે પ્રતિ વર્ષ ગૅરંટેડ એડિશન | પૉલિસી મુદત (વર્ષમાં) | | |
|---|---|---|---|
| | 10 | 15 | 20 |
| | 7% | 8% | 9% |

*‘‘એક વર્ષનું પ્રીમિયમ’’ એટલે પૉલિસીધારક દ્વારા પસંદ કરેલ વર્ષમાં ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો અને અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો, જો કોઈ હોય તો તે સામેલ નથી.

- **સર્વાઈવલ બેનિફિટ:** તમે પાકતી મુદત સિવાય, દરેક 5મા પૉલિસી વર્ષના અંતે એક વર્ષના પ્રીમિયમના 125% બરાબર ગૅરંટેડ સર્વાઈવલ બેનિફિટ મેળવશો, જો અગર સર્વાઈવલ બેનિફિટ ચૂકવણીના સમય સુધી બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દેવામાં આવ્યાં હોય.

| પૉલિસી મુદત (વર્ષમાં) | પૉલિસી વર્ષના અંતે ચૂકવવાપાત્ર સર્વાઈવલ બેનિફિટ |
|---|---|
| 10 | 5th |
| 15 | 5th, 10th |
| 20 | 5th, 10th, 15th |

‘‘એક વર્ષનું પ્રીમિયમ’’ એટલે પૉલિસીધારક દ્વારા પસંદ કરેલ વર્ષમાં ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો અને અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો, જો કોઈ હોય તો તે સામેલ નથી.

- **મેચ્યોરિટી બેનિફિટ:** જો તમે બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દો તો તમે સમ એશ્યૉર્ડ વત્તા મેચ્યોરિટી સુધીમાં જમા થયેલ ગૅરંટેડ એડિશન્સ (GA) ઓછાં પહેલા જ ચૂકવી દેવાયેલ સર્વાઈવલ બેનિફિટ (SB) જેટલો ગૅરંટેડ મેચ્યોરિટી બેનિફિટ મેળવો છો.

**ઉદાહરણ:**
**પૉલિસી મુદત:** 20 વર્ષ




‘‘એક વર્ષનું પ્રીમિયમ’’ એટલે પૉલિસીધારક દ્વારા પસંદ કરેલ વર્ષમાં ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો અને અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો, જો કોઈ હોય તો તે સામેલ નથી.

- **ડેથ બેનિફિટ:** જો પૉલિસીની મુદત દરમિયાન વીમિત વ્યક્તિનું દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થાય તો, નોમિનીને નીચે જણાવેલ ચૂકવણી કરવામાં આવશે, જો અગર મૃત્યુની તારીખ સુધીના બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દીધાં હોય.

મૃત્યુ થવા પર ચૂકવવાપાત્ર રકમ નીચેની રકમ માંથી જે વધુ હોય તે રહેશે:

a) વાર્ષિકીકૃત પ્રીમિયમના 10 ગણાં જેટલી.

b) મૃત્યુની તારીખના રોજ સુધીમાં ચૂકવેલા કુલ પ્રીમિયમોના 105% અથવા

c) પૉલિસીની સમ એશ્યૉર્ડ
વત્તા મૃત્યુની તારીખ સુધીમાં જમા થયેલ ગૅરંટેડ એડિશન્સ પહેલા જ ચૂકવી દેવાયે સર્વાઈવલ બેનિફિટ્સ બાદ કર્યા વિના.

‘‘એન્યુઅલાઈઝ્ડ પ્રીમિયમ’’ એટલે પૉલિસીધારક દ્વારા પસંદ કરેલ વર્ષમાં ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડેલ પ્રીમિયમો માટે લોડિંગ્સ, જો કોઈ હોય તો તે સામેલ નથી.

ચૂકવેલા કુલ પ્રીમિયમો એટલે પ્રાપ્ત કરેલ બધાં જ પ્રીમિયમોનો સરવાળો, જેમાં એક્સ્ટ્રા પ્રીમિયમ, રાઈડર પ્રીમિયમ અને કરવેરા, જો કોઈ હોય તો તે સામેલ નથી.

**ઉદાહરણ:**
**પૉલિસી મુદત:** 20 વર્ષ




‘‘એક વર્ષનું પ્રીમિયમ’’ એટલે પૉલિસીધારક દ્વારા પસંદ કરેલ વર્ષમાં ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો અને અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો, જો કોઈ હોય તો તે સામેલ નથી.

### ગ્રેસ પીરિયડ:

‘‘ગ્રેસ પીરિયડ’’ એટલે વીમા કંપની દ્વારા પાકતી તારીખથી કોઈ દંડ અથવા લેટ ફી વિના પ્રીમિયમની ચૂકવણી માટે માન્ય કરાયેલો સમય, જે સમય દરમિયાન પૉલિસીના નિયમો અને શરતો મુજબ પૉલિસી કોઈ અંતરાળ વિના રિસ્ક કવર સહિત ઈન–ફોર્સ માનવામાં આવે છે. વાર્ષિક, અર્ધવાર્ષિક અથવા ત્રૈમાસિક પ્રીમિયમોની ચૂકવણી માટે 30 દિવસનો અને માસિક પ્રીમિયમોની ચૂકવણી માટે 15 દિવસનો ગ્રેસ પીરિયડ માન્ય છે.

**પહેલા બે પૉલિસી વર્ષ દરમિયાન રેગ્યૂલર પ્રીમિયમો ન ચૂકવવામાં આવે (ઓછામાં ઓછા પહેલા બે વર્ષના પ્રીમિયમો ન ચૂકવવામાં આવ્યા હોય):**

- જો તમે પહેલા વર્ષનું પ્રીમિયમ ચૂકવ્યું હોય અને ત્યારપછીનું પાકેલું પ્રીમિયમ ગ્રેસ પીરિયડની અંદર ચૂકવવામાં નિષ્ફળ જાઓ તો પૉલિસી લેપ્સ થશે.
- તમે લેપ્સ થયેલી પૉલિસી પહેલા ન ચૂકવેલા પ્રીમિયમની તારીખથી ૫ વર્ષની મુદતની અંદર બધાં જ પાકેલા પ્રીમિયમો તેના પર લાગુ વ્યાજ અને રિવાઈવલ ફી ચૂકવીને રિવાઈવ કરાવી શકો છો.
- જો તમારી પૉલિસી તમે રિવાઈવ ન કરાવો તો રિવાઈવલ મુદતના અંતે કુલ ચૂકવેલા પ્રીમિયમોના 30% ચૂકવીને પૉલિસી રદ કરવામાં આવશે.
- જો રિવાઈવલ મુદતની અંદર વીમિત વ્યક્તિનું મૃત્યુ થાય તો, મૃત્યુના સમયે કુલ ચૂકવેલા પ્રીમિયમોના 30% ચૂકવવાપાત્ર રહેશે અને પૉલિસી રદ થઈ જશે.

ચૂકવેલા કુલ પ્રીમિયમો એટલે પ્રાપ્ત કરેલ બધાં જ પ્રીમિયમોનો સરવાળો, જેમાં એક્સ્ટ્રા પ્રીમિયમ, રાઈડર પ્રીમિયમ અને કરવેરા, જો કોઈ હોય તો તે સામેલ નથી.

**પહેલા 2 પૉલિસી વર્ષ પછી રેગ્યૂલર પ્રીમિયમ ન ચૂકવવામાં આવે (ઓછામાં ઓછા ૨ વર્ષના પ્રીમિયમો ચૂકવ્યા હોય):**

- જો ઓછામાં ઓછા બે વર્ષના પાકેલા પ્રીમિયમો ચૂકવી દીધા હોય અને ત્યારપછીનું પાકેલું પ્રીમિયમ તમે ગ્રેસ પીરિયડની અંદર ચૂકવવામાં નિષ્ફળ જાઓ તો ગ્રેસ પીરિયડ પૂરો થયા પછી પૉલિસી પેઈડ–અપ બનશે અને પેઈડ–અપ સમ એશ્યૉર્ડ પ્રાપ્ત કરશે, જે આ રીતે ગણતરી કરાય છે:

સમ એશ્યૉર્ડ x ચૂકવેલા પ્રીમિયમોની સંખ્યા / પૉલિસી હેઠળ ચૂકવવાપાત્ર પ્રીમિયમોની કુલ સંખ્યા

પેઈડ–અપ તારીખ પછી કોઈ ગૅરંટેડ એડિશન જમા નહીં થાય.

- તમે પેઈડ–અપ પૉલિસી પહેલા ન ચૂકવેલા પ્રીમિયમની તારીખથી 5 વર્ષની મુદતમાં બધાં જ પાકેલા પ્રીમિયમો તેના પર લાગુ વ્યાજ અને રિવાઈવલ ફી ચૂકવીને રિવાઈવ કરી શકો છો.
- પેઈડ–અપ બન્યા પછી,
  - જો પૉલિસી મુદત દરમિયાન વીમિત વ્યક્તિનું મૃત્યુ થાય તો, પેઈડ–અપ સમ એશ્યૉર્ડ વત્તા જમા થયેલ ગૅરંટેડ એડિશન્સ પહેલા જ ચૂકવેલા કોઈ સર્વાઈવલ બેનિફિટ્સ બાદ કર્યા વિના ચૂકવવાપાત્ર રહેશે.
  - જો વીમિત વ્યક્તિ મેચ્યોરિટી સુધી જીવીત રહે તો, પેઈડ–અપ સમ એશ્યૉર્ડ વત્તા જમા થયેલ ગૅરંટેડ એડિશન્સ ઓછા પહેલા જ ચૂકવી દેવાયેલ સર્વાઈવલ બેનિફિટ્સ, જો કોઈ હોય તો તે ચૂકવવાપાત્ર રહેશે.
  - તમારી લેપ્સ થયેલી/પેઈડ–અપ પૉલિસી કોઈ ભાવિ સર્વાઈવલ બેનિફિટ્સ માટે તેમ જ કોઈ ભાવિ ગૅરંટેડ એડિશન્સ માટે પાત્ર નહીં રહે. જો કે, પેઈડ–અપની તારીખ સુધી જમા થયેલ બધાં જ ગૅરંટેડ એડિશન્સ પૉલિસી સાથે જોડાતા રહેશે અને પેઈડ–અપ સમ એશ્યૉર્ડ સાથે ચૂકવવાપાત્ર રહેશે.

### રિવાઈવલ

તમે પૉલિસી મુદત દરમિયાન પરંતુ પહેલા ન ચૂકવેલા પ્રીમિયમની તારીખથી 5 વર્ષની મુદતની અંદર તમારી પૉલિસી રિવાઈવ કરવાની રહેતી રકમ આધારે વીમિત વ્યક્તિના નિરંતર ઈન્શ્યૉરેબિલિટીનો કંપનીને તેના બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિ મુજબ સંતોષકારક પુરાવો રજુ કરીને તેમ જ બધાં જ પાકેલા પ્રીમિયમોની ચૂકવણી માસિક ચક્રવૃદ્ધિ સાથે વાર્ષિક 9% દરે વ્યાજ વત્તા કરવેરા, જો કોઈ હોય તો તે ચૂકવીને રિવાઈવ કરી શકો છો. મૅડિકલ તપાસનો ખર્ચ, જો કોઈ હોય તો તે તમારે ભોગવવાનો રહેશે. સરન્ડર કરેલી પૉલિસી રિવાઈવ ન કરી શકાય.

કંપની લેપ્સ થયેલી/પેઈડ અપ પૉલિસી રિવાઈવ કરવાનો અધિકાર અબાધિત રાખે છે. લેપ્સ થયેલી/પેઈડ અપ પૉલિસીનું રિવાઈવલ રિવાઈવલ ફીની ચૂકવણીને આધીન પણ રહે છે જે ₹250 વત્તા કરવેરા, જો કોઈ હોય તો તે છે.

### સરન્ડર

- ઈન–ફોર્સ અથવા પેઈડ–અપ પૉલિસી સરન્ડર કરી શકાય છે, જો અગર ઓછામાં ઓછા પહેલા બે પૉલિસી વર્ષના બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દેવામાં આવ્યાં હોય.
- ચૂકવવાપાત્ર સરન્ડર વેલ્યૂ ગૅરંટેડ સરન્ડર વેલ્યૂ (GSV) અને સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ (SSV) માંથી જે વધુ હોય તે રહે છે.

**જેમાં:**

GSV = ચૂકવેલા કુલ પ્રીમિયમો* GSV ફેક્ટર – પહેલા જ ચૂકવી દીધેલા સર્વાઈવલ બેનિફિટ્સ

ચૂકવેલા કુલ પ્રીમિયમો એટલે પ્રાપ્ત કરેલ બધાં જ પ્રીમિયમોનો સરવાળો, જેમાં એક્સ્ટ્રા પ્રીમિયમ, રાઈડર પ્રીમિયમ અને કરવેરા, જો કોઈ હોય તો તે સામેલ નથી.

| સરન્ડરનું પૉલિસી વર્ષ | GSV ફેક્ટર | | |
|---|---|---|---|
| | પૉલિસી મુદત = 10 વર્ષ | પૉલિસી મુદત = 15 વર્ષ | પૉલિસી મુદત = 20 વર્ષ |
| 1 | - | - | - |
| 2 | 30% | 30% | 30% |
| 3 | 35% | 35% | 35% |
| 4 | 50% | 50% | 50% |
| 5 | 50% | 50% | 50% |
| 6 | 50% | 50% | 50% |
| 7 | 50% | 50% | 50% |
| 8 | 90% | 75% | 70% |
| 9 | 90% | 80% | 70% |
| 10 | 90% | 90% | 75% |
| 11 | | 90% | 75% |
| 12 | | 90% | 75% |
| 13 | | 90% | 75% |
| 14 | | 90% | 75% |
| 15 | | 90% | 75% |
| 16 | | | 80% |
| 17 | | | 80% |
| 18 | | | 80% |
| 19 | | | 90% |
| 20 | | | 90% |